ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

# સ્પોર્ટ્સ લાઇન

# મને IPLનો 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમ પસંદ નથી : અક્ષર પટેલ

**અગાઉ** રોહિત શર્મા 2024માં અને હાર્દિક પંડ્યા 2025માં ઇમ્પેક્ટ પ્લેયર નિયમનો વિરોધ કરી ચૂક્યા છે

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) : ભારતીય ઓલરાઉન્ડર અને દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમની ટીકા કરતા કહ્યું કે, મને તે ગમતો નથી, કારણ કે તે મારા જેવા ખેલાડીઓના વિકાસમાં અવરોધ ઉભો કરે છે.

આ પહેલા રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા પણ 'ઈમ્પેક્ટ પ્લેયર' નિયમનો વિરોધ કરી ચૂક્યા છે. આ નિયમ ટીમોને મેચ દરમિયાન કોઈપણ સમયે પાંચ લિસ્ટેડ ખેલાડીઓમાંથી કોઈપણ ખેલાડીને તેમની પ્લેઈંગ ઈલેવનમાં બદલવાની મંજૂરી આપે છે. આ નિયમ 2023માં અમલમાં આવ્યો હતો અને ઓછામાં ઓછા 2027 સુધી અમલમાં રહેશે.

રોહિતે 2024 માં કહ્યું હતું કે તેને આ વ્યૂહાત્મક નિયમ નાપસંદ છે કારણ કે તે ભારતીય ક્રિકેટમાં ઓલરાઉન્ડરોના વિકાસમાં અવરોધ ઉભો કરે છે. પછીની સીઝનમાં, હાર્દિકે કહ્યું કે ટીમમાં ઓલરાઉન્ડર પસંદ કરવાનું મુશ્કેલ બની ગયું છે જ્યાં સુધી તેઓ બેટ અને બોલ બંનેમાં સમાન રીતે સારા ન હોય.

ઈમ્પેક્ટ પ્લેયર નિયમ વિશે પીટીઆઈના પ્રશ્નનો જવાબ આપતા અક્ષરે હસીને કહ્યું હતું કે મને આ નિયમ ગમતો નથી કારણ કે હું પોતે એક ઓલરાઉન્ડર છું. પહેલા, અમે આ ભૂમિકાઓ માટે ઓલરાઉન્ડર પસંદ કરતા હતા. હવે, ટીમ મેનેજમેન્ટ ચોક્કસ બેટ્સમેન અથવા બોલરની પસંદગી કરે છે. પરંતુ નિયમો નિયમો છે. આપણે તેનું પાલન કરવું પડશે. વ્યક્તિગત રીતે, મને તે ગમતું નથી.

## ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સ્ટાર્કને ટૂંકમાં NOC આપશે એવી દિલ્હી કેપિટલ્સને આશા

**સ્ટાર્ક** પહેલી એપ્રિલે દિલ્હી કેપિટલ્સની પહેલી મેચ પહેલા ટીમ સાથે જોડાવાની પણ આશા વ્યક્ત કરાઇ



નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) : દિલ્હી કેપિટલ્સે સોમવારે જણાવ્યું હતું કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ હજુ સુધી મિચેલ સ્ટાર્કને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માં રમવા માટે નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) આપ્યું નથી, પરંતુ તેમને આશા છે કે તેમનો મુખ્ય ઝડપી બોલર પહેલી એપ્રિલે ટુર્નામેન્ટની શરૂઆતની મેચ પહેલા ટીમમાં જોડાશે.

સોમવારે અહીં મીડિયા સાથેની વાતચીત દરમિયાન દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલ, ક્રિકેટ ડિરેક્ટર વેણુગોપાલ રાવ અને મુખ્ય કોચ હેમાંગ બદાણીએ તેમના ઝડપી બોલરની ઉપલબ્ધતા અંગે અનેક પ્રશ્નોના જવાબ આપ્યા. સ્ટાર્કે ગયા સિઝનમાં 11 મેચમાં 14 વિકેટ લીધી હતી. બદાનીએ કહ્યું કે અમે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તરફથી એનઓસીની રાહ જોઈ રહ્યા છીએ. તે મળતાં જ અમને ખબર પડશે કે તે ક્યારે ટીમમાં જોડાશે.

જ્યારે એનઓસી મળવામાં વિલંબ વિશે પૂછાતા તેમણે કહ્યું કે અમે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા સાથે સતત સંપર્કમાં છીએ. તે બોલિંગની પ્રેક્ટિસ કરી રહ્યો છે, જ્યાં સુધી ક્રિકેટ ઓસ્ટ્રેલિયા તેને રમવા માટે ફિટ જાહેર ન કરે ત્યાં સુધી કોઈપણ ફ્રેન્ચાઇઝી કંઈ કરી શકતી નથી.

## MLS : ઈન્ટર મિયામીએ ન્યૂયોર્ક સિટીને 3-2થી હરાવ્યુ

**ફ્રી કીક** વડે ગોલ કરવા મામલે મેસીએ દિગ્ગજ પેલેને ઓવરટેક કર્યા આ સિઝનમાં ન્યૂયોર્ક સિટી પહેલીવાર મેચ હાર્યું



ન્યૂયોર્ક, તા. 23 : આર્જેન્ટિનાના સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસીએ રવિવારે અહીં રમાયેલી મેજર લીગ સોકરમાં ઈન્ટર મિયામીની ન્યૂયોર્ક સીટી સામેની 3-2ની રોમાંચક જીત દરમિયાન ફ્રી કીક વડે ગોલ કરીને બ્રાઝિલના ફૂટબોલ દિગ્ગજ પેલેને ઓવરટેક કર્યા હતા. મેસીએ ન્યૂયોર્ક સીટી સામે કરેલા ગોલથી તે ફ્રી કિક વડે 71 ગોલ કરી ચૂક્યો છે, જ્યારે પેલેના 70 ગોલ છે. ફ્રી કીક વડે સર્વાધિક 77 ગોલનો રેકોર્ડ જુનિન્હો પેર્નામ્બુકાના નામે છે. રોનાલ્ડીન્હો અને વિક્ટર લેગ્રોટગિલે 66-66 ફ્રી કિક ગોલ કર્યા છે. ઈન્ટર મિયામીએ મેજર લીગ સોકર મેચમાં ન્યૂ યોર્ક સિટી પર 3-2 થી રોમાંચક વિજય નોંધાવ્યો. આ મેચમાં મેસ્સીએ પોતાનો 901મો કારકિર્દીનો ગોલ પણ કર્યો. મેસીએ 61મી મિનિટે બરાબરીનો ગોલ કર્યો. ત્યારબાદ બ્રાઝિલના ડિફેન્ડર મિશેલે 74મી મિનિટે મેચ વિનર ગોલ કર્યો. ઈન્ટર મિયામી માટે પહેલો ગોલ મેચની ચોથી મિનિટે આર્જેન્ટિનાના ડિફેન્ડર ગોન્ઝાલો લુજાને કર્યો. આ સિઝનમાં ન્યૂ યોર્ક સિટીની આ પહેલો પરાજય હતો. નેશવિલ પાંચ મેચમાંથી ચાર જીત સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે. ન્યુ યોર્ક સિટી પાંચ મેચમાંથી ત્રણ જીત સાથે બીજા ક્રમે છે, જ્યારે ઈન્ટર મિયામી પાંચ મેચમાંથી ત્રણ જીત સાથે ત્રીજા ક્રમે છે.

## હું મારી ફરારીમાં હનુમાન ચાલીસા સાંભળું છું : હાર્દિક પંડ્યા

**હાર્દિકના** મતે કોઈ પણ ગીત તમને હનુમાન ચાલીસા જેટલી સકારાત્મક ઉર્જા નહીં આપી શકે



મુંબઈ, તા. 23 : ભારત અને મુંબઈ ઈન્ડિયન્સનો ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા વિવાદી વ્યક્તિત્વ ધરાવે છે. તે ફેરારી અને લેમ્બોર્ગિની જેવી મોંઘી સ્પોર્ટ્સ કાર ચલાવે છે અને કરોડો રૂપિયાની કિંમતની મોંઘી ઘડિયાળો પહેરે છે. મેદાન પર હંમેશા વિચિત્ર હરકત કરનારો હાર્દિક હનુમાનજીનો ભકત હોવાનું કોઈ કહે તો તે માની શકાય તેમ નથી પણ તાજેતરમાં હાર્દિક પંડ્યાએ પોતે જ એ વાતનો ખુલાસો કર્યો હતો.

વાયરલ થયેલા એક વીડિયોમાં, મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન પંડ્યા, બેટિંગ કોચ કિરોન પોલાર્ડ સાથે કોઈ કાર્યક્રમમાં બેઠો હોય તેવું જોઈ શકાય છે અને તે કહે છે કે એ ખૂબ જ રસપ્રદ છે કે મારી પાસે ફેરારી છે અને હું કારની અંદર હનુમાન ચાલીસા સાંભળું છું. ભગવાન દયાળુ રહ્યા છે. મને લાગે છે કે બધા મારી સાથે પણ સહમત થશે કે કોઈ પણ ગીત તમને હનુમાન ચાલીસા જેટલી સકારાત્મક ઉર્જા આપી શકતું નથી. હું આ વાત સાથે ખૂબ જ સ્પષ્ટ છું.

## જસપ્રીત બુમરાહ IPL પહેલા CoE પહોંચતા ચાહકોમાં ચિંતા

**બુમરાહ** ઇજાને કારણે ત્યાં ગયો કે પછી માત્ર રૂટીન ચેકઅપ માટે તે હજુ સ્પષ્ટ નથી

મુંબઈ, તા. 23 : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) 2026 શરૂ થવામાં એક અઠવાડિયાથી પણ ઓછો સમય બાકી છે, ત્યારે મુંબઈ ઈન્ડિયન્સનો સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહ હજુ સુધી તેની ટીમમાં જોડાયો નથી. 28 માર્ચે ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં, બુમરાહ બેંગલુરુમાં BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE) ની મુલાકાતે ગયો હોવાના અહેવાલ છે. આનાથી સોશિયલ મીડિયા પર બુમરાહ વિશે ચર્ચા શરૂ થઈ છે. ચાહકો ચિંતા વ્યક્ત કરી રહ્યા છે કે શું તે ફરીથી ઘાયલ થયો છે. એક અહેવાલ મુજબ, બુમરાહ હાલમાં કર્ણાટક (બેંગલુરુ) સેન્ટરમાં છે અને હજુ સુધી તેની ટીમના કેમ્પમાં જોડાયો નથી. અહેવાલમાં જણાવાયું છે કે, હજુ સુધી એ ચોક્કસ નથી કે બુમરાહ ઈજાને કારણે ત્યાં ગયો છે કે માત્ર નિયમિત તપાસ માટે. જોકે, તે હજુ સુધી ટીમમાં જોડાયો નથી. તાજેતરમાં, મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય કોચ મહેલા જયવર્ધનેએ જણાવ્યું હતું કે વર્લ્ડકપ વિજેતા ભારતીય ટીમના ખેલાડીઓને થોડો વધારાનો આરામ આપવામાં આવ્યો છે.

**મિયામી ઓપન**

## અલ્કારાઝ ત્રીજા રાઉન્ડમાં સેબેસ્ટિયન કોર્ડા સામે હાર્યો

**ટેલર ફ્રિટ્ઝ**, ટોમી પોલ અને મહિલાઓમાં સબાલેન્કા, રિબાકીના, પેગુલાની આગેકૂચ



મિયામી ગાર્ડન્સ, તા. 23 (એપી) : વિશ્વનો નંબર વન ખેલાડી કાર્લોસ અલ્કારાઝ મિયામી ઓપનના ત્રીજા રાઉન્ડમાં સેબેસ્ટિયન કોર્ડા સામે હારીને બહાર થઈ ગયો હતો. આ પહેલા ઈન્ડિયન વેલ્સ સેમી ફાઈનલમાં પણ ડેનિલ મેદવેદેવે અલ્કારાઝનો હરાવ્યો હતો.

બે કલાક અને 19 મિનિટ ચાલેલા મુકાબલામાં કોર્ડા સામે અલ્કારાઝનો 6-3, 5-7, 6-4થી પરાજય થયો હતો. હવે કોર્ડાનો મુકાબલો માર્ટિન એલ. સામે થશે, જેણે 14માં ક્રમાંકિત કરેન ખાચાનોવને 6-3, 7-6થી હરાવ્યો હતો. અમેરિકાના ટેલર ફ્રિટ્ઝ અને ટોમી પોલ પણ ચોથા રાઉન્ડમાં આગળ વધ્યા. છઠ્ઠા ક્રમાંકિત ફ્રિટ્ઝે રેલી ઓપેલકાને 6-3, 6-4થી, જ્યારે 22મા ક્રમાંકિત પોલે રાફેલ કોલિગ્નનને 6-2, 3-6, 7-6થી હરાવ્યો.

મહિલા સિંગલ્સમાં, ટોચની ક્રમાંકિત આર્યના સબાલેન્કાએ કેથરિન મેકનેલીને 6-4, 6-2થી હરાવી. ત્રીજી ક્રમાંકિત એલેના રિબાકીનાએ માર્ટા કોસ્ટ્યુકને 6-3, 6-4થી જ્યારે પાંચમી ક્રમાંકિત જેસિકા પેગુલાએ લૈલા ફર્નાન્ડીઝને 6-2, 6-2થી હરાવી.

## હમ્પી કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટમાંથી ખસી, તેના સ્થાને મુઝીચુક સામેલ



નવી દિલ્હી, તા. 23 : ભારતની ટોચની ચેસ સ્ટાર્સમાંની એક, કોનેરુ હમ્પીએ સાયપ્રસમાં આગામી ફિડે મહિલા કેન્ડીડેટ્સ ટુર્નામેન્ટમાંથી સુરક્ષાના કારણોસર નામ પાછું ખેંચી લીધું છે. હમ્પીએ અગાઉ ટુર્નામેન્ટના સ્થળની પસંદગીની ટીકા કરી હતી, અને કહ્યું હતું કે બોમ્બ સાયરન વાગતા ચેસ પર ધ્યાન કેન્દ્રિત કરવું શક્ય નથી. 28 માર્ચ, શનિવારના રોજ પેફોસમાં શરૂ થનારી આ ટુર્નામેન્ટ, હાલમાં જુ વેનજુન દ્વારા યોજાતી મહિલા વિશ્વ ચેમ્પિયનશિપના તાજ માટે પડકારજનક ખેલાડી નક્કી કરશે. હમ્પીના બહાર નીકળ્યા બાદ, યુક્રેનની અન્ના મુઝીચુકને તેના સ્થાને નામ આપવામાં આવ્યું છે.


RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત

ખૂંખાર એક્શન...



ધુરંધર-2

૯.૦૦, ૯.૩૦, ૧૨.૨૦, ૧.૨૦, ૧.૫૦, ૪.૪૦, ૫.૪૦, ૬.૧૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

APPLE CINEMA

★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર

ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. 99984 46007

Book Tickets Now from : bookmyshow.com paytm @applecinemasurat



ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૮.૦૦, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૦૦, ૧.૨૫, ૧.૪૫, ૨.૧૫, ૨.૪૫, ૩.૧૫, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૦, ૬.૦૦, ૬.૩૦, ૭.૦૦, ૭.૩૦, રાત્રે ૮.૧૫, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦

ખૂંખાર એક્શન...




ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.


## એશિયન ટીમ સ્ક્વોશ ચેમ્પિયનશિપ મુલતવી

કરાચી, તા. 23 (પીટીઆઇ) : ગલ્ફમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે આવતા મહિને ઈસ્લામાબાદમાં યોજાનારી એશિયન ટીમ સ્ક્વોશ ચેમ્પિયનશિપ મુલતવી રાખવામાં આવી છે. આ ચેમ્પિયનશિપ 14થી 18 એપ્રિલ દરમિયાન યોજાવાની હતી. એક અધિકારીએ જણાવ્યું એશિયન સ્ક્વોશ ફેડરેશન દ્વારા અમને કહેવામાં આવ્યું છે કે સંઘર્ષને કારણે પ્રદેશમાં હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ સમયે ટુર્નામેન્ટનું આયોજન શક્ય નથી. તેમણે કહ્યું કે જો પરિસ્થિતિ સુધરશે તો પાકિસ્તાન સ્ક્વોશ ફેડરેશન સપ્ટેમ્બરમાં તેનું આયોજન કરી શકે છે. ભારતીય સ્ક્વોશ ફેડરેશન દ્વારા ટીમ મોકલવા માટે મંજૂરી આપવામાં આવી છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, અધિકારીએ જણાવ્યું હતું કે એશિયન કન્ફેડરેશન ટીમોની ભાગીદારીની પુષ્ટિની તપાસ કરી રહ્યું છે.

# જો ઈરાન ઇન્ટરનેટના કેબલ કાપી નાખશે તો આખી દુનિયામાં અફડાતફડી મચી જાશે




યુદ્ધ પોઇન્ટ

સમકિત શાહ

કલ્પના કરો કે જો ૨૪ કલાક માટે પણ ઇન્ટરનેટ બંધ થઈ જાય તો દુનિયામાં કેવી અફડાતફડી મચી જાય? જો ઇન્ટરનેટ લાંબા સમય સુધી બંધ રહે તો આપણા જીવનના તમામ વ્યવહારો થંભી જાય તેમ છે. આ કોઈ કલ્પના નથી પણ ઈરાન યુદ્ધને કારણે પેદા થયેલી નક્કર સંભાવના છે. આવનારા દિવસોમાં ઈરાનના દરિયાઈ ક્ષેત્રમાં ફેલાયેલી બધી ઇન્ટરનેટ લાઇન જોખમમાં છે. હોર્મુઝની સ્ટ્રેટ નજીકના દરિયામાંથી કેબલ પસાર થાય છે, જેના વડે મધ્ય પૂર્વ, એશિયા અને તેનાથી આગળનાં બધાં ઇન્ટરનેટ કનેક્શન જોડાયેલાં છે, જેમાં ઇન્ટરનેટ બેંકિંગનો સમાવેશ થાય છે. જો ઈરાન હોય કે અન્ય કોઈ જૂથ યુદ્ધ દરમિયાન તેમને કાપી નાખે, તો તેનાથી કેટલું નુકસાન થઈ શકે છે? વિશ્વનું ઇન્ટરનેટ સમુદ્રની નીચે બિછાવેલા કેબલ દ્વારા ચાલે છે. બધા કમ્પ્યુટર સર્વર ટાવર તેમની સાથે જોડાયેલાં છે. આ કેબલ વિશ્વના ઇન્ટરનેટ, બેંક ટ્રાન્સફર અને બીજી ઘણી વસ્તુઓને જોડે છે. એક રીતે ઇન્ટરનેટ ઉપગ્રહો પર પણ ચાલે છે, પરંતુ વિશ્વના લગભગ ૯૭ ટકા ઇન્ટરનેટ સમુદ્રની નીચે બિછાવેલા કેબલનાં જાળાં દ્વારા ચાલે છે. જો આ કેબલ તૂટી જાય, તો નુકસાન ખૂબ મોટું થઈ શકે છે. ઈરાનનો હોર્મુઝ સામુદ્રધુની સમુદ્ર કોરિડોર જહાજો માટે બંધ કરી દેવામાં આવ્યો છે. ત્યાં પણ ઇન્ટરનેટના કેબલ નાખવામાં આવ્યા છે.

ઈરાનના સાથી હુથી બળવાખોરો યમનમાં બેઠા છે. યમન તરફ લાલ સમુદ્ર છે. ઇન્ટરનેટ કેબલ ત્યાંથી પણ પસાર થાય છે. ૨૦૦૪માં હુથી બળવાખોરોના હુમલાને કારણે લાલ સમુદ્રમાં ત્રણ કેબલ કાપી નાખવામાં આવ્યા હતા ત્યારે આફ્રિકા, યુરોપ અને પશ્ચિમ એશિયામાં ૨૫ ટકા ઇન્ટરનેટ પ્રભાવિત થયું હતું. હવે સમસ્યા એ છે કે જો કેબલ તૂટી જાય, તો તેને ફક્ત જહાજો જ ત્યાં જાય છે અને તેને રિપેર કરે છે. હવે તેઓ ત્યાં જહાજ દ્વારા જઈ શકતા નથી. યુદ્ધ ચાલી રહ્યું છે. જો હુથી બળવાખોરો આ કેબલ કાપી નાંખે તો આખી દુનિયા અંધકારમાં ડૂબી જાય તેમ છે. ઈરાન પાસે આ મોટું હથિયાર છે અને ઈરાન તેનો ઉપયોગ નહીં કરે, તેવું માનવાની જરૂર નથી.

સમગ્ર મધ્ય એશિયાઈ પ્રદેશમાં એક બાજુ લાલ સમુદ્ર છે, જે ઇજિપ્ત અને સાઉદી અરેબિયા વચ્ચેથી પસાર થાય છે અને પછી એડનના અખાતમાં ખૂલે છે. બીજી બાજુ, પર્શિયન ગલ્ફ છે, જે ઈરાન અને ઓમાન વચ્ચે વહે છે અને અરબી અખાતમાં જાય છે. આપણે આ ખતરાને ગંભીરતાથી લેવો જોઈએ. જો ઇન્ટરનેટ બંધ થઈ જાય તો ડેટા હાઇ વેને અસર થશે. તમે ક્લાઉડમાં જે ડેટા સંગ્રહ કરો છો તે પ્રભાવિત થશે. કૃત્રિમ બુદ્ધિને અસર થશે. જેઓ સંપૂર્ણપણે કમ્પ્યુટર પર આધાર રાખે છે, તેમને હું કેટલાક ભૌતિક પ્રિન્ટઆઉટ રાખવાનું સૂચન કરું છું, કારણ કે બીજો હુમલો જે જોવા મળી રહ્યો છે તે દેશોના હાઇ-ટેક કૃત્રિમ ઉપગ્રહો ઉપર થવાનો છે. તેઓ એકબીજા સાથે અથડાશે, એકબીજાના ઉપગ્રહોને નુકસાન પહોંચાડશે. હું એમ નથી કહેતો કે બધા ઉપગ્રહો ક્રેશ થશે, પરંતુ વિશ્વના ફક્ત ચાર દેશો પાસે આ ટેકનોલોજી છે. ભારત પાસે પણ આ ટેકનોલોજી છે. ચીન પાસે પણ છે, અમેરિકા પાસે પણ છે અને રશિયા પાસે પણ છે. જો ઇન્ટરનેટ પ્રભાવિત થશે, તો બેંકિંગ પ્રભાવિત થશે અને જો બેંકિંગ પ્રભાવિત થશે, તો વિશ્વ પ્રભાવિત થશે.

લાલ સમુદ્ર અને પર્સિયન ગલ્ફની નીચે સમુદ્રતળ પર બિછાવેલા સેંકડો ફાઇબર ઓપ્ટિક કેબલ વિશ્વના ૯૫ ટકાથી વધુ ઇન્ટરનેટ ટ્રાફિકનું વહન કરે છે. તમારા ઇમેઇલ્સ, વિડિઓ કોલ્સ અને ક્લાઉડ સેવાઓથી લઈને નાણાંકીય વ્યવહારો અને લાઇવ સ્ટ્રીમિંગ સુધી બધું જ આ કેબલ પર આધાર રાખે છે. ઓછામાં ઓછા ૧૭ સબમરીન કેબલ ફક્ત લાલ સમુદ્રમાંથી પસાર થાય છે, જે યુરોપ, એશિયા અને આફ્રિકાને જોડતો એક મહત્વપૂર્ણ ડેટા કોરિડોર બનાવે છે. આ કેબલ એમેઝોન, માઇક્રોસોફ્ટ અને ગુગલ જેવી કંપનીઓ દ્વારા ગલ્ફ ક્ષેત્રમાં બાંધવામાં આવેલાં વિશાળ ડેટા સેન્ટરોને વિશ્વભરના અબજો વપરાશકર્તાઓ સાથે જોડે છે. આ કેબલ્સને નુકસાન ખૂબ જ સરળ છે, પછી ભલે તે નૌકા દળની ખાણો, જહાજના એન્કર અથવા સીધી લશ્કરી કાર્યવાહી દ્વારા હોય. ગયા વર્ષે લાલ સમુદ્રમાં કેબલ કપાઈ જવાથી ભારત, પાકિસ્તાન અને મધ્ય પૂર્વના દેશોમાં ઇન્ટરનેટ સેવાઓ ખોરવાઈ ગઈ હતી. એવું નોંધાયું હતું કે એક વાણિજ્યિક જહાજના લંગરે સમુદ્રની અંદરના ઘણા ઇન્ટરનેટ કેબલ ખેંચી લીધા હતા અને કાપી નાખ્યા હતા. અહેવાલો અનુસાર, લાલ સમુદ્ર ખાસ કરીને સંવેદનશીલ છે, કારણ કે કેબલ પ્રમાણમાં છીછરાં પાણીમાં નાખવામાં આવે છે, જેના કારણે લંગર માટે તેમને નુકસાન પહોંચાડવાનું સરળ બને છે.

ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સંઘર્ષના ફેલાવાના પ્રથમ સંકેત ગયા અઠવાડિયે ત્યારે આવ્યા જ્યારે મેટાએ બ્લૂમબર્ગને જણાવ્યું હતું કે તેણે તેના 2Africa પ્રોજેક્ટનો એક ભાગ અટકાવી દીધો છે, જે આફ્રિકા અને ગલ્ફ ક્ષેત્રમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટીને વિસ્તૃત કરવા માટે આયોજિત ૪૫,૦૦૦ કિલોમીટરની પાણીની અંદરની કેબલ સિસ્ટમ છે. આ સસ્પેન્શન ઓમાન, યુએઈ, કતાર, બહેરીન, કુવૈત, ઇરાક, પાકિસ્તાન, ભારત અને સાઉદી અરેબિયાનાં લેન્ડિંગ સ્ટેશનોમાંથી પસાર થતા કેબલના ભાગને અસર કરે છે. ફેસબુકની પેરેન્ટ કંપનીએ આ વર્ષે આ વિભાગ શરૂ કરવાની યોજના બનાવી હતી. કેબલ નાખવા માટે જવાબદાર ફ્રેન્ચ સરકારી કંપની અલ્કાટેલ સબમરીન નેટવર્ક્સે તેના ગ્રાહકોને ફોર્સ મેજર નોટિસ જારી કરી છે. કંપનીએ અહેવાલ આપ્યો છે કે તેનું ઇન્સ્ટોલેશન જહાજ ઇલે ડી બેટ્ઝ સાઉદી અરેબિયાના દરિયાકાંઠે ફસાયેલું છે. જે રીતે નવા કેબલ નાખવાનું કામ અટકી શકે છે, તેમ જૂના કેબલને કાપવાનું કામ પણ થઈ શકે છે.

જો દુનિયામાં ઇન્ટરનેટ બંધ થઈ જાય તો બેન્કમાં પડેલા આપણા રૂપિયા પણ બ્લોક થઈ જાય તેમ છે, કારણ કે આજકાલની બેન્કિંગ સિસ્ટમ ઇન્ટરનેટના આધારે જ ચાલે છે. તમે પૂછી શકો છો કે આ કેવી રીતે થઈ શકે? બેંકિંગ કેવી રીતે પડી ભાંગી શકે? દુબઈમાં તાજેતરમાં જ આવું બન્યું છે. એક સમયે વિશ્વની દસમી સૌથી મોટી સ્થિર આર્થિક શક્તિ દુબઈ ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સેન્ટર માનવામાં આવતું હતું. તેના પર ઈરાન દ્વારા થોડી મિસાઇલોનો હુમલો થયો અને સિટીબેંક, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક અને અન્ય બેંકો ભાગવા લાગી હતી. ઈરાન હવે અમેરિકા અને ઇઝરાયલમાં બેંકો પર બોમ્બમારો કરશે. ઈરાને કહ્યું છે કે તે અમેરિકા અને ઇઝરાયલ સાથે જોડાયેલી બેંકો અને નાણાંકીય સુવિધાઓ પર હુમલો કરી શકે છે, કારણ કે તેની એક બેંક પર હુમલો થયો હતો, તેથી તે હવે બદલો લેવાની તૈયારી કરી રહ્યું છે. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ સાથે જોડાયેલા મુખ્યાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે દુશ્મનના હુમલા પછી ઈરાનને બદલો લેવાનો સંપૂર્ણ અધિકાર છે. લોકોને ચેતવણી પણ આપવામાં આવી છે કે તેઓ બેંકની નજીક ન જાય અને તેનાથી ઓછામાં ઓછા ૧ કિલોમીટર દૂર રહે, કારણ કે હુમલો થઈ શકે છે.

અમેરિકાએ ઈરાનને આનો પરચો આપી દીધો છે. ઇઝરાયલ દ્વારા તેઓએ ઈરાનની સેન્ટ્રલ બેંક અથવા એક મહત્ત્વપૂર્ણ બેંક પર હુમલો કર્યો, જેનાથી ઈરાનની આખી બેંકિંગ સિસ્ટમ સ્થગિત થઈ ગઈ હતી. આ બેંકમાંથી જ ઈરાનની સેના અને અન્ય સંરક્ષણ દળોના પગાર ચૂકવવામાં આવતા હતા. કલ્પના કરો કે રમઝાન મહિનામાં જો પગાર ઘરે ન પહોંચે તો શું થાય? અમેરિકનોએ વિચાર્યું હશે કે આવા હુમલાઓ બળવો ફેલાવશે અને ઈરાનને અસ્થિર કરશે. ઈરાનના સૈનિકો માત્ર પૈસા માટે લડી રહ્યા નથી. તેઓ પોતાના દેશની રક્ષા કરવા માટે લડી રહ્યા છે, માટે તેમને હરાવવાનું કામ બહુ કઠિન ગણાય છે. જો કોઈ અમેરિકન સૈનિકને એક દિવસનું ભોજન ન મળે તો તે કામ કરવાનું બંધ કરી શકે છે, પરંતુ ઈરાની સૈનિકો એવું કરતા નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**૨૦૦૪માં હુથી બળવાખોરોના હુમલાને કારણે લાલ સમુદ્રમાં ત્રણ કેબલ કાપી નાખવામાં આવ્યા હતા ત્યારે આફ્રિકા, યુરોપ અને પશ્ચિમ એશિયામાં ૨૫ ટકા ઇન્ટરનેટ પ્રભાવિત થયું હતું**

## વિનિસિયસના બે ગોલથી રિયલ મેડ્રિડે રોમાંચક મેચમાં એટ્લેટિકોને હરાવ્યું

**બાર્સેલોનાએ** રાયો વેલેકાનોને હરાવીને ટોચનું સ્થાન જાળવી રાખ્યું, મેડ્રિડ પર ચાર પોઇન્ટની સરસાઇ



બાર્સેલોના, તા. 23 : રિયલ મેડ્રિડના ફોરવર્ડ ખેલાડી વિનિસિયસ જુનિયરે રવિવારે એટ્લેટિકો મેડ્રિડ સામેની 3-2થી જીતમાં બે ગોલ કરીને પોતાની ટીમને લા લિગા ટાઇટલની રેસમાં જાળવી રાખી છે.

સીઝનની શરૂઆતમાં કોચ ઝાબી એલોન્સોની હકાલપટ્ટી અને કેટલીક શરમજનક હાર બાદ વિનિસિયસે મેડ્રિડના ચાહકોના રોષનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ જેમ જેમ પરિણામો સુધર્યા છે, તેમ તેમ વિનિસિયસ પ્રત્યે ચાહકોનો પ્રતિસાદ પણ સુધર્યો છે. નવા કોચ અલ્વારો આર્બિલોઆ હેઠળ મેડ્રિડ નવી ઊંચાઈએ પહોંચ્યું છે. સપ્ટેમ્બરમાં 5-2ની કારમી હાર બાદ હવે એટ્લેટિકો સામે જીત મેળવી છે અને ચેમ્પિયન્સ લીગમાં પેપ ગાર્ડિઓલાની માન્ચેસ્ટર સિટીને પણ બહાર કરી છે. ટીમના સુધરેલા ફોર્મનું શ્રેય વિનિસિયસને જાય છે. સ્ટાર ખેલાડીઓ કિલિયન એમબાપ્પે અને જુડ બેલિંગહામ ઈજાગ્રસ્ત હોવા છતાં તેણે ફેડરિકો વાલ્વર્ડે સાથે મળીને મેડ્રિડનું નેતૃત્વ કર્યું છે.

બીજી તરફ, બાર્સેલોનાએ રાયો વેલેકાનોને 1-0થી હરાવીને ટેબલમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. હવે રિયલ મેડ્રિડ બીજા સ્થાને છે અને બાર્સેલોના કરતા 4 પોઈન્ટ પાછળ છે. સીઝનમાં હજુ 9 મેચો બાકી છે.

## અરુંધતી, સાહિબજાદા ફેબ્રુઆરીના પ્લેયર ઓફ ધ મંથ

દુબઈ, તા. 23 : ભારતની મધ્યમ ગતિ બોલર અરુંધતી રેડ્ડીને ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ટી-20 સીરિઝમાં શાનદાર પ્રદર્શન માટે ફેબ્રુઆરીમાં આઇસીસીની શ્રેષ્ઠ મહિલા ક્રિકેટર તરીકે જાહેર કરવામાં આવી હતી. ત્રણ મેચની ટી-20 ઇન્ટરનેશનલ સીરિઝમાં ભારતની 2-1થી જીતમાં રેડ્ડીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં તેમણે 7.25 ના ઇકોનોમી રેટથી આઠ વિકેટ લીધી હતી. જ્યારે પુરુષોમાં પાકિસ્તાનના ઓપનર સાહિબજાદા ફરહાનને ટી-20 વર્લ્ડકપમાં તેના અસાધારણ પ્રદર્શન બદલ શ્રેષ્ઠ પુરુષ ક્રિકેટર તરીકે જાહેર કરવામાં આવ્યો છે.